# ફાઈનાન્સ કંપનીના લોકરમાંથી ૧૪ લાખના દાગીનાને પગ આવ્યાં..!!

**કોરોના કાળમાં નાણાંભીડમાં ગીરવે મુકેલા દાગીના લગ્નપ્રસંગે પહેરવાં સ્ટાફ સાથે તડજોડ કરી હંગામી ધોરણે કઢાવ્યાં પણ વિજીલન્સની તપાસ આવી જતા દાગીના ગાયબ થયાનો ભાંડાફોડ થયો : પોલીસ ફરિયાદની બીકે દાગીના આપોઆપ પરત આવી ગયાં : કોરોના કાળ માનવી પાસે કેવા કેવા ખેલ કરાવે છે તેની ઉદાહરણરૂપ ઘટના**

ગાંધીનગર, તા.૧૮

કોરોના મહામારીએ તેના આગમન સાથે જ જનજીવનમાં અનેક મુશ્કેલીઓ ઉભી કરી છે અને સામાન્ય માનવીને જાણે સતત કસોટીની એરણ પર મુકી દીધો છે. લાંબા કોરોના લોકડાઉનને કારણે પડેલા ભારે આર્થિક ફટકાને કારણે નાના ધંધાર્થી અને નોકરિયાત મધ્યમ વર્ગ હજુ પણ નાણાંકીય ભીડમાંથી બહાર આવી શક્યો નથી. કેટલાંકને તો પરિવારનું ગુજરાન ચલાવવા કે પોતાના કૌટુંબિક અને સામાજિક પ્રસંગોને સાચવવા ઘરેણાં સુદ્ધાં ગીરવે મુકવાની નોબત આવી છે. ગાંધીનગરમાં તાજેતરમાં સર્જાયેલી એક ઘટનામાં આવા જ એક વ્યક્તિએ ગીરવે મુકેલા ઘરના દાગીના આ લગ્નસરાંની સીઝનમાં પહેરવા માટે હંગામી ધોરણે ફાઈનાન્સ કંપનીના માણસો સાથે ઘરોબો હોવાથી ખાનગી રીતે કઢાવ્યાં હતા પણ કમનસીબે તે કૃત્ય કંપનીના તમામ સ્ટાફ માટે ભારે મુસીબત લાવનારું બની જતા છેવટે તે દાગીના જેમના તેમ પરત મુકાવી દેવાનો વારો આવ્યો હતો. આ ઘટના કોરોના કાળની મજબુરી માનવી પાસે કેવાં કેવાં ખેલ કરાવે છે તેના ઉદાહરણ સમાન બનવા પામી છે.

ગાંધીનગરમાં ગોલ્ડ ઉપર લોન આપતી એક ફાઈનાન્સ કંપનીની ઓફિસ છે જ્યાં કામ કરતાં એક સેલ્સ એક્ઝિક્યુટિવે પોતાના એક ઓળખીતા નાણાભીડમાં હોવાથી તેમના ઘરના આશરે રૂ.૧૪ લાખની કિંમતના ઘરેણાં ગીરવે મુકાવી તેની સામે લોન અપાવી હતી. આ આ ઘરેણા એક સીલબંધ પૅકેટમાં કંપનીની ઓફિસના લોકરમાં મુકવામાં આવેલા હતા જેની ચાવી ઓફિસની મેનેજર યુવતી પાસે રહેતી હતી. આ યુવતી મેનેજર હોવા સાથે ઓફિસનો તમામ સ્ટાફ સાથે ખૂબ સારો ઘરોબો અને તેમના પર વિશ્વાસ ધરાવતી હતી. તાજેતરમાં થોડા દિવસ પહેલાં અચાનક કંપનીની મુખ્ય ઓફિસથી વિજિલન્સની તપાસ આવી હતી જેમાં લોકરની તપાસ દરમ્યાન ગીરવે લીધેલા દાગીનાના રજિસ્ટર અને લોકરમાં હાજર દાગીનામાં તફાવત જણાયો હતો જે અંગે મેળવણી કરતા ખબર પડી કે પેલું રૂ.૧૪ લાખના દાગીનાનું પેકેટ જ લોકરમાંથી ગાયબ છે. મેનેજર યુવતીના પગ તળેથી તો જાણે ધરતી જ સરકી ગઈ હોય તેવી પરિસ્થિતી ઉભી થઈ જેમ કે લોકઅપની જવાબદારી તેની હતી તેથી તેને નોકરી જવા સાથે તેની પર તેટલી રકમની ભરપાઈ કરવાનું જોખમ પણ આવી શકે તેમ હતું. મધ્યમવર્ગીય આ યુવતી સાથે સમગ્ર સ્ટાફ ચિંતામાં ગરકાવ થઈ ગયો અને વિજિલન્સે તેમને ઝડપથી આ દાગીના શોધી કાઢવા અને તે બાબતે જવાબ આપવા મુદત આપી હતી. ઓફિસના સ્ટાફે સાથે મળીને સમગ્ર ઓફિસને ફેંદી નાખી પરંતુ ક્યાંય પેલા દાગીનાનો પત્તો જડ્યો નહોતો. ઓફિસના લોકરમાં આમતો સીસીટીવી કેમેરા લાગેલા જ છે પરંતુ હવે આ દાગીના ક્યારે ઓફિસમાંથી ચોરાયાં હશે તે શોધવા કેટલા દિવસના સીસીટીવી ફૂટેજ જોવા બેસવું પડે તેની મથામણ હતી. મેનેજર યુવતીની રાતની ઊંઘ હરામ થઈ ગઈ એટલે ઘણો વિચાર કર્યા બાદ બીજા દિવસે તેની ઑફિસના કર્મચારીઓને એકઠાં કરીને જણાવ્યું કે મારા એકલાથી આટલી મોટી રકમ ભરપાઈ કરવી શક્ય નથી, મારા પરિવારના સભ્યોએ પણ તેમ કરવાની ના પાડી દીધી છે તેથી હવે માત્ર બે જ રસ્તા બચે છે કે આપણે સૌ ભાગે પડતા નાણાં ભોગવી લઈએ અથવા તો પછી હું ઘરેણાં ચોરીની પોલીસ ફરિયાદ નોંધાવું જેમાં પોલીસ મારા સહિત સમગ્ર સ્ટાફની તપાસ કરે અને સીસીટીવી કેમેરા પણ ચકાશે જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય. આ વાત સાંભળી કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપ્યો હતો અને તેમણે એકાદ દિવસ વિચાર કરવા અને ઓફિસમાં વધુ સારી રીતે તપાસ કરવા સલાહ આપી હતી.


જોકે બીજા દિવસે એવી ઘટના બની કે કંપનીમાં કેશનું કામ સંભાળતા કેશિયરે અચાનક આવીને જણાવ્યું કે પેલું પેકેટ તો અહીં લોકરમાં જ પડ્યું છે ત્યારે બધા ચોંકી ગયા અને જઈને જોયું તો પકેટ મળી આવ્યું હતું. એક તરફ દાગીનાનું પેકેટ મળી જતાં સ્ટાફે રાહતનો દમ લીધો હતો પરંતુ બીજી તરફ આ કેવી રીતે બન્યું તે જાણવાની સૌને ઉત્સુકતા હતી તેથી મેનેજર યુવતીએ આગળના દિવસથી પેકેટ મળી તે દિવસ સવારના ઓફિસ શરૂ થાય ત્યાં સુધીના સીસીટીવી ફૂટેજ તપાસતાં પેલો કેશિયર જ લોકરમાં પેકેટ પાછું મુકતાં દેખાઈ આવ્યો હતો. પછી કેશિયરને બોલાવીને મેનેજર યુવતીએ કડક ભાષામાં ઉધડો લેતાં તેણે સમગ્ર ઘટના કબૂલી હતી અને જણાવ્યું સ્ટાફના સેલ્સ એક્ઝિક્યુટિવના કહેવાથી તેણે દાગીના કાઢી આપ્યા હતા જે આજે સવારે તેણે પરત આપતા પેકેટ પાછું લોકરમાં મૂકી દીધું હતું. બાબતે સેલ્સ એક્ઝિક્યુટિવનો ખુલાસો લેવામાં આવતા તેણે જણાવ્યું કે દાગીનાનો માલિક તેનો ઓળખીતો હતો અને તેના ઘરમાં લગ્નપ્રસંગ હોવાથી પહેરવા માટે દાગીના જોઈતા હતા જે લગ્ન પ્રસંગ પતી ગયા બાદ પરત મૂકી દેવાની શરતે હંગામી ધોરણે કાઢી આપ્યાં વિનવણી કરતા હતાં. આ દરમ્યાને તમને સ્ટાફ પર ભરોસો હોવાથી તમે એક દિવસ લોકરની ચાવી તમારા ડ્રોઅરમાં છોડી ગયાં હતાં તે તકનો લાભ ઉઠાવી કેશિયરને વિશ્વાસમાં લઈને દાગીના કાઢી આપ્યાં હતા, પરંતુ કમનસીબે આ દાગીના પરત મુકીએ તે પહેલાં જ વિજિલન્સની તપાસ આવી જતા વાત ખુલી ગઈ હતી પરંતુ તેમનો ઈરાદો ચોરીનો નહોતો. સમગ્ર ઘટનામાં મેનેજર યુવતીએ બંને કર્મચારીઓને ખૂબ જ કડક ભાષામાં ચેતવણી આપી હતી અને દાગીના મળી જતાં 'ઘીના ઠામમાં ઘી રહી ગયું' હોવાથી ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. આ સમગ્ર ઘટના શહેરના ખાનગી ફાઈનાન્સ કંપનીઓના સ્ટાફમાં ચર્ચાને ચગડોળે ચઢી છે પરંતુ તે સાથે ગ્રાહકો સાથે નાનું મોટું સેટીંગ કરીને કંપનીમાં આ પ્રકારના ખેલ કરતા કર્મચારીઓમાં સોપો પડી જવા પામ્યો છે

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં કોરોના વકર્યો છે. મહિલા બાળના બે કર્મચારી, આંકડા શાખાના એક કર્મચારી તેમજ બાંધકામના એક કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં કર્મચારીઓમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- જિલ્લા કલેક્ટર ઓફિસમાં આજે બેઠકોનો દોર ચાલશે.
- કોરોના માટે લાયઝન અધિકારી તરીકે નિયુક્ત થયેલા અધિક નિયામક ડૉ. ભાવસારે આજે જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજી હતી.
- ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ કિરીટસિંહ ચાવડાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.
- આજે માણસામાં ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજ પુરવઠો આપવા માટે આવેદનપત્ર અપાયુ.
- દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ઠંડીને ધ્યાને રાખી ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજપુરવઠો આપવા માંગ કરી છે.
- ગાંધીનગર કોર્ટમાં ૨૦ જેટલા કર્મયોગીઓના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.
- દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રની ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે મુલાકાત લઈ તેમની ગ્રાન્ટમાંથી ખરીદાયેલ સાધન સામગ્રીની ચકાસણી અને નિરીક્ષણ કર્યુ હતુ.
- સે. ૮ નજીક આવેલ અરણ્યભવનમાં આજે નીલગાય ઘુસી ગઈ હતી. ગઈકાલે સ્વર્ણિમ સંકુલ-૨માં કુતરૂ બિન્દાસ્ત ફરતુ દેખાયુ હતુ.
- સે. ૫ વસાહત મહામંડળ દ્વારા સવારે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા સુધી પ્લોટ નં. ૪૫૫/૧ તથા ૪૫૮/૧ પાસે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.
- કોરોનાના વધતા કેસની અસર સચિવાલય સહિત શહેરની સરકારી કચેરીઓમાં વર્તાય છે. દરેક કચેરીમાં ૨૦ થી ૨૫ ટકા કર્મયોગીઓ રજા પર છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તું કાંઈક તો નવી વાત કર... પહેલા મળતા હતા ત્યારે પહેલા ડોઝની વાત કરતો હતો, પછી બીજા અને હવે બૂસ્ટર ડોઝનું લઈ મંડ્યો છે...!!

# ગુજરાતની બેન્કિંગ સિસ્ટમ મજબૂત બની, ૮.૧૫ લાખ કરોડની થાપણો

**રાજ્યની બેક્રોએ ૬.૪૧ લાખ કરોડનું ધિરાણ કર્યું છે, થાપણોમાં ૭.૩૨ ટકા અને ધિરાણમાં ૨.૩૦ ટકાનો વધારો નોંધાયો**

ગાંધીનગર

ગુજરાતની બેક્રો ફુલગુલાબી ચિત્ર આપી રહી છે. બેક્રમાં થાપણો જેમ વધતી જાય છે તેમ ધિરાણનો આંકડો પણ મોટો થતો જાય છે. બેક્રના ગ્રાહકોને સર્વિસમાં મોટો માર પડી રહ્યો છે છતાં બેક્રોમાં રૂપિયા મૂક્યા સિવાય છૂટકો નથી, જો કે ફિક્સ ડિપોઝિટરોની સંખ્યામાં ચોંકાવનારો ઘટાડો થયો છે.

ગુજરાતની બેક્રોમાં ઢગલાબંધ રૂપિયા ખડકાયા છે. રાજ્યમાં હાલની સ્થિતિએ થાપણોની રકમની સંખ્યા ૮.૧૫ લાખ કરોડ થઈ છે જે ૭.૩૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે જ્યારે ધિરાણની રકમ ૬.૪૧ લાખ કરોડ થઈ છે જે ૨.૩૦ ટકાનીવૃદ્ધિ દર્શાવે છે.

સરકારના નાણાકીય અહેવાલ પ્રમાણે રાજ્યમાં બેક્રોની સંખ્યા ૧૦૦૪૬ હતી જે એક વર્ષમાં વધીને ૧૦૦૬૫ થઈ છે. જોકે બેક્રોની શાખાઓ એક વર્ષમાં માત્ર ૧૯ વધી છે. માર્ચ ૨૦૨૦સુધીમાં બેક્રોની થાપણો ૭૬૦૨૩૧ કરોડ રૂપિયા હતી જે ૨૦૨૧માં વધીને ૮૧૫૮૬૫ કરોડ થઈ છે. એક વર્ષમાં થાપણોની સંખ્યામાં ૫૫૬૩૪ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

બીજી તરફ માર્ચ ૨૦૨૦ સુધીમાં કુલ ધિરાણ ૬૨૬૬૭૫ કરોડ રૂપિયા હતું જે વર્ષ ૨૦૨૦-૨૧માં વધીને ૬૪૧૦૬૧ કરોડ થયું છે. એક વર્ષમાં ધિરાણની રકમમાં ૧૪૩૮૬ કરોડનો વધારો થયો છે. ધિરાણ થાપણ દર માર્ચ ૨૦૨૦માં ૮૨.૪૩ ટકા હતો જેસપ્ટેમ્બર ૨૦૨૦માં ૭૮.૫૭ ટકા થયો છે જે ૩.૮૬ ટકાનો ઘટાડો દર્શાવે છે. એવો અંદાજ છે કે ૨૦૨૨ના અંત સુધીમાં બેક્રોમાં થાપણોની સંખ્યા વધીને ૯ લાખ કરોડ થશે.

# ચિલોડા ગામમાં જીવદયાપ્રેમી દ્વારા કરૂણા અંતર્ગત ઘાયલ પક્ષીની સારવાર

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા



ગામમાં ચાલુ સાલે પતંગરસિયાઓએ મનભેર પતંગ ઉડાડી ઉજવણી કરી હતી. ત્યારે ચાઈનીઝ પ્રતિબંધિત જીવલેણ દોરીનો બેફામપણે ઉપયોગ કરવાથી અબોલ કબુતર પક્ષી માટે કાતિલ સમાન બનતાં ચિલોડા ગામના જીવદયાપ્રેમી મીનાબેન સોની અને તેમની બે દિકરીઓએ ઘાયલ કબુતરને બોક્સમાં મુકી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને ફોન કરી સારવાર અર્થે બોલાવતા એમ્બ્યુલન્સ વાન અને ડોક્ટરની ટીમ દ્વારા કપાયેલ કબુતરની પાંખને ટાંકા લઈ સારવાર અપાઈ હતી. આ પક્ષીપ્રેમી દ્વારા ગત વર્ષે એક કબુતરની આખી પાંખ કપાઈ જતાં તેની દેખભાળ અને કાળજી સાથે સેવા આપી રહ્યા છે. જીવદયાપ્રેમીને ઘાયલ પક્ષીને સારવાર અપાવવાની પ્રવૃત્તિને બિરદાવવામાં આવે છે.

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો દ્વારા કોર્ટ કાર્યવાહી માટે રજુઆત

ગાંધીનગર, તા. ૧૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો ગુજરાતની વડી અદાલતના નામદાર મુખ્ય ન્યાયમૂર્તને તાલુકા અને જિલ્લાની અદાલતોમાં ત્વરિત કોર્ટ કાર્યવાહી પુનઃ સ્થાપિત કરવા માટે રજૂઆત કરી હતી. જે રજુઆતનો ગુજરાતની વડી અદાલતના નામદાર મુખ્ય ન્યાયમૂર્તિએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ટૂંક સમયમાં વકીલોના અને પક્ષકારોના હિતને ધ્યાનમાં લઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવશે અને કોવિડ-૧૯ની ગાઈડલાઈનમાં જરૂરી સુધારો કરી ટૂંક સમયમાં તે અંગેનો નિર્ણય જાહેર કરશે.




આગ ઓલવે એ ટીમને ફાયરબ્રિગેડ કહેવાય એવુ આપણી સામાન્ય સમજ છે પરંતુ તે સિવાય પણ ફાયરબ્રિગેડ અનેક પ્રકારની કામગીરી કરે છે. ફાયરબ્રિગેડ પક્ષીઓના જીવ બચાવવાની કામગીરી કરી રહ્યુ છે. વૃક્ષો પર ફસાયેલા પતંગ અને તેની દોરીમાં પક્ષીઓ અટવાઈ જાય છે. પતંગની દોરીઓ તેમના માટે જીવલેણ સાબિત થાય છે. દોરીઓમાં ફસાઈને જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા પક્ષીઓના જીવ ફાયરબ્રિગેડની ટીમ બચાવી રહી છે. આ ઉમદા કાર્ય માટે ફાયરબ્રિગેડની ટીમને સલામ.

# શહેરના મુખ્યમાર્ગો પર બસ સ્ટોપ પરથી સી.સી. કેમેરા અને સ્ક્રીન અદ્રશ્ય

ગાંધીનગરમાં સલામત સવારી એસ ટી અમારીનુ સંચાલન કરતા ડેપો સંકુલમાં સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. ત્યારે સેક્ટરોમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા બસ સ્ટોપ પણ હવે કંગાળ બનતા જાય છે. શહેરના મુખ્યમાર્ગો પર એસ ટી બસ સ્ટોપ પર સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે મુકવામાં આવેલા સી સી કેમેરા તેમજ એલ ઈ ડી સ્ક્રીન ટુંકા સમયગાળમાં જ અદ્રશ્ય થઈ ગયા છે. શહેરમાં અંદાજિત વિવિધ ૧૨ જગ્યાએ બસ સ્ટેન્ડ પર એલ ઈ ડી સ્ક્રીન તેમજ સી સી કેમેરા મુકવામાં આવ્યા હતા.

ગાંધીનગર એસ ટી ડેપોની સલામત સવારીના રૂટનુ યોગ્ય સંચાલન ન ગોઠવાતા ગ્રામ્ય વિસ્તારના રહીશોને પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. શહેર આસપાસના ગામોમાં સલામત સવારી નસીબ ન થતી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓના નામે પણ મીંડુ છે. એસ ટી માં રોજબરોજ ખિસ્સા કાતરી અને ચોરીના બનાવો બનવા છતા પોલીસ પહોરો ગોઠવાતો નથી પોલીસ ચોકી માટે જગ્યા નિયત કરાયા બાદ પણ કોઈ પગલા લેવાતા નથી. જયારે સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે શહેરના વિવિધ માર્ગો પર સ્થિત બસ સ્ટેન્ડમાં મુકવામાં આવેલા સી સી કેમેરા તેમજ ટાઈમ ટેબલ દશાવતા એલ ઈ ડી સ્ક્રીન પણ ટુંકા સમયગાળમાં જ અદ્રશ્ય થઈ ગયા છે. સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે શહેરમાં બસ સ્ટેન્ડને સુવિધાયુકત અને હાઈફાઈ બનાવાની યોજનાનુ જ બાળમરણ થઈ ગયુ છે.

અગાઉ ધારાસભ્ય અને સંસદની ગ્રાન્ટમાંથી શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત બસ સ્ટોપનુ નવિનીકરણ કરવામાં આવ્યુ હતુ. બસ સ્ટેન્ડના નિર્માણ પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે શહેરમાં બસ સ્ટોપ પર આવતા મુસાફરોની સુવિધા અને સલામતીને ધ્યાનમાં રાખીને કેમેરા તેમજ બસનો ટાઈમ દર્શાવતા એલ ઈ ડી સ્ક્રીન પણ મુકવામાં આવ્યા હતા. પરંતુ લોકડાઉન પુર્વે જ મુકવામાં આવેલા કેમેરા તેમજ સ્ક્રીન હાલ બસ સ્ટોપમાંથી ગાયબ થઈ ગયા છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો પણ દુવિધાઓથી ઘેરાયેલુ છે. ડેપો સંકુલમાં પણ કેમેરા બંધ હાલતમાં છે. અગાઉ લાંબા સમય સુધી બંધ સી સી કેમેરાના ચાલુ કરવામાં આવ્યા હતા પરંતુ થોડા દિવસોમાં જ સ્થિતિ જૈસે થૈ થઈ ગઈ છે. ગાંધીનગર ડેપોને પણ મોડેલ ડેપો બનાવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે. ત્યારે મુસાફરોની સુવિધાના નામે મીંડુ છે. આ સ્થિતિમાં શહેરી બસ સેવા સિવાય અન્ય ગ્રામ્ય વિસ્તારમાં સલામત સવારીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ગ્રામજનોને સલામત સવારી નસીબ થતી નથી શહેરના બસ સ્ટેન્ડ પરથી વહીવટના મિજાજનો પરચો મળી જાય છે. સ્માર્ટ સીટી અન્વયે સુવિધાના નામે લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ યોગ્ય જાળવણી અને દરકારના અભાવે લાખો રૂપિયા પર પાણીઢોળ થાય છે. સેકટરોના એસ ટી સ્ટોપ પર બસ સેવા ઉપલબ્ધ થવાના મામલે પણ સ્થાનિકોમાં ઘણીવાર રોષ જોવા મળે છે. જયારે નગરને સ્માર્ટ બનાવાની સુફિયાણી વાતો વચ્ચે આડેધડ ખર્ચ કરવામાં આવતો હોવાનો જન આક્રોશ પણ પ્રબળ બન્યો છે.


# ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે કાઉન્ટર ટેરરીઝમ કોન્ફરન્સ યોજાઈ




ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે છ દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન કાઉન્ટર ટેરીરીઝમનું વર્ચુઅલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતુ. આ કોન્ફરન્સમાં ૫૦ જેટલા દેશોએ ભાગ લીધો હતો.

ગ્લોબલ કાઉન્ટર ટેરરીઝમ કાઉન્સિલના સહયોગથી યોજાયેલ આ કોન્ફરન્સમાં ૨૦૦થી વધુ પ્રવક્તાઓએ ભાગ લીધો હતો. ફોરન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યુ છે કે ગ્લોબલ ટેરરીઝમના સામના માટે ફોરેન્સિક સાયન્સ અગત્યનો ભાગ ભજવી રહ્યુ છે. ગ્લોબલ ટેરરીઝમના સામના માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે. વર્ચુઅલ માધ્યમથી યોજાયેલ આ કોન્ફરન્સમાં વિવિધ દેશોના ૨૦૦ ઉપરાંત નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

# ગામડામાં પાણીનું મૂલ્ય : તખતગઢ ગામમાં પ્રતિ ૧૦૦ લીટર સામે એક રૂપિયો લેવાઈ રહ્યો છે



એક નાનકડી સુંદર બાળકીએ પરિવારના તમામ સભ્યોને કોરોના થઈ જતા ગાંધીનગરમાં સેક્ટર-૨૦ ખાતે રહેતા દાદાને ત્યાં ૧૫ દિવસ વિતાવ્યા હતા. આ દીકરીનો પરિવાર મુંબઈ રહે છે. તેના પ્રારંભિક જીવનના ૧૫ દિવસ આ નાની બાળકીએ તેના દાદાજીને ત્યાં વિતાવ્યા હતા અને લગભગ ૯ મહિના પછી તેણીએ ગોકુળની મુલાકાત લીધી હતી. જે અત્યંત ખુશ જોવા મળી રહી હતી.

ગાંધીનગર

આવનારી પેઢી માટે અમૂલ્ય પાણીના બચાવ માટે જે ગ્રામ પંચાયત પહેલ કરે છે તેને કેન્દ્ર સરકાર જળ પુરસ્કાર આપે છે. ગુજરાતીમાં કહેવત છે કે મફતમાં મળતી ચીજની વેલ્યુ હોતી નથી પરંતુ ગુજરાતના એક ગામડાએ એવું સિદ્ધ કર્યું છે કે મફતમાં મળતા પાણીનું પણ મૂલ્ય છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલા તખતગઢ ગામના લોકોએ પાણીના મીટરની પ્રથાને અપનાવી છે. કેન્દ્ર સરકારે તેની નોંધ લઈને જળ પુરસ્કાર માટે આ ગ્રામ પંચાયતને શ્રેષ્ઠ પંચાયત જાહેર કરી છે. જો આવું કામ ૧૪ હજાર ગામડાઓમાં થાય તો લોકોને પાણીનું મૂલ્ય સમજાશે આવનારી પેઢી માટે પાણી બચાવી શકાશે.

સાબરકાંઠાના તખતગઢ ગામના લોકોએ પાણીના મીટર પ્રથાને અપનાવીને સ્વચ્છતા અને પાણી બચાવ એમ બંને કાર્યોને પાર પાડ્યા છે. પહેલાં ગામની શેરીઓ અને મુખ્ય રસ્તાઓ અન્ય ગામડા અને શહેરોની માફક પહેલા તો ગંદા રહેતા હતા. બીજી તરફ પાણીની સમસ્યાતો ઠેરના ઠેર જ રહેતી હતી. પરંતુ ગામના લોકોએ પાણીની કરકસર કરવાનો નિર્ણય કર્યો. જેથી લોકો રસ્તાઓ પર પાણીનો ખોટો બગાડના કરે અને પાણીને કરકસર પૂર્ણ રીતે ઉપયોગ કરે.

હાલ ગામમાં ૯૬ ટકા મીટર લાગી ચુક્યા છે. જેના માટે કુલ ૪૬લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. જેમાં ૧૦ લાખ રૂપિયા ગામ લોકોએ અને ૩૬ લાખ રૂપિયા સરકારે ખર્ચ્યા છે. ગામના લોકો પાસેથી પ્રત્યેક હજાર લીટરે એક રૂપિયો લેવામાં આવે છે. ગામમાં પાણીના મીટર લાગી જતાં ગામ લોકોને પણ મોટો ફાયદો થયો છે. ગામના લોકો સ્વીકારી રહ્યા છે કે, મીટર લગાવવાથી લોકોએ પાણી બચાવવાની સાથે-સાથે વીજળીના બીલમાં પણ મોટી બચત કરી છે.

રાજ્યના જળ તજજ્ઞ કહે છે કે ગામડામાં પાણીના મીટર લગાવવાનું સહેલું છે અને ગ્રામજનો તૈયાર પણ થાય છે પરંતુ શહેરોમાં પાણીનો સૌથી વધુ બગાડ થાય છે. રાજ્ય સરકારે શહેરોની સોસાયટીઓ અને એપાર્ટમેન્ટમાં પાણીના દામ નક્કી કરી ફરજીયાત મીટર પ્રથા લાગુ કરવી જોઈએ.

**જાહેરાત**

ગુજરાત સરકારના ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના માટે આવેદનો મંગાવવામાં આવે છે. યોજનાના આવેદનપત્રક અને યોજનાકીય વિગતો ક્લાઈમેટ ચેન્જ વિભાગની વેબસાઈટ ccd.gujarat.gov.in તેમજ જેડાની વેબસાઈટ www.geda.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. જેડા ખાતે આવેદનપત્ર મળવાની છેલ્લી તારીખ : ૪/૨/૨૦૨૨ છે. આવેદનકર્તાએ આવેદનપત્રક તેમજ તેને સુસંગત પૂરાવા અને દાવાની તમામ સંલગ્ન વિગતો માત્ર રજી. પોસ્ટ, રજી સ્પીડ પોસ્ટ દ્વારા અથવા કચેરી સમય દરમિયાન રૂબરૂ નીચેના સરનામે તા. ૫/૨/૨૦૨૨ના સાંજે ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. અન્ય કોઈ માધ્યમથી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. આવેદનો તેની સાથેના બિડાણો સહિત યોગ્ય સાઈઝના સીલબંધ કવરમાં કવર પર 'ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર માટેનું આવેદન' સ્પષ્ટ દર્શાવીને રજૂ કરવાના રહેશે.

GEDA

સરનામું : નિયામકશ્રી
ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા)
બ્લોક નં. : ૧૧-૧૨ ઉદ્યોગ ભવન, ચોથો માળ,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧,
ફોન : ૦૭૯-૨૩૨-૫૭૨૫૧-૫૩
માહિતી/૨૦૦૧/૨૧-૨૨